ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૯ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૨૯ ટકા

# શાળા-કોલેજોમાં રંગોત્સવની રંગેચંગે ઉજવણી






ગાંધીનગર.તા.૭

મન મોર બની થનગાટ કરે.... શાળા ના ભૂલકાંઓને રમતા જોઈ આવી પ્રતીતિ થાય એ સ્વાભાવિક છે.હોળી - ધુળેટી પૂર્વે શહેર ની શાળા અને કોલેજો માં રંગે ચંગે રંગોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓ એ મિત્રો અને શિક્ષકો સાથે ધુળેટી પર્વ ની ઉજવણી કરી હતી.શાળાએથી છૂટીને સૌ રંગબેરંગી કલર થી રંગાયેલા જોવા મળ્યા હતા. સાથે જ શાળા અને કોલેજો ની બહાર કલર અને પિચકારી ની લારીઓ ખડકાઈ ગઈ હતી. ફેરિયાઓને કલર અને પિચકારીનું વેચાણ કરવામાં ધુળેટી પૂર્વે ૨ દિવસ

આ રંગોત્સવ નાના ભૂલકાંઓ થી માંડી સૌ કોઈ માટે પ્રિય મનાય છે.તેથી લોકો દર વર્ષે રંગોત્સવ ની ઉજવણી ઉત્સાહ પૂર્વક કરતા આવ્યા છે.જો કે શાળા કોલેજમાં આગાઉ થી જ ઉજવણી કરવાનુ એક માત્ર કારણ છે કે ધુળેટી ના દિવસે જાહેર રજા રહેતી હોય છે.તેથી વિદ્યાર્થી વર્ગ અગાઉથી જ શાળા કોલેજના મિત્રો અને શિક્ષકો સાથે ધુળેટી ની ઉજવણી કરે છે.જેનો આનંદ અનેરો હોય છે.શાળા કોલેજો માં રંગોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.સાથે જ સ્પર્ધાઓ નું પણ આયોજન કરવામાં આવે છે.વિદ્યાર્થીઓને પર્વ વિશે માહિતગાર કરવામાં આવે છે.પર્વ નું સાચું મહત્વ જણાવાય છે.તેમના જ્ઞાન માં વધારો કરવામાં આવે છે જેથી પર્વ ની ઉજવણી કરતા પહેલા પર્વ ની માહિતી પણ હોવી જરૂરી છે.આ આધુનિક યુગમાં લોકો ફોરવર્ડ બનાવમાં ને બનવામાં આપણા રીત રિવાજો અને પરંપરાઓ ભૂલી રહ્યા છે.

**જન્મદિને વધામણી**


ઠાકોર અશોકકુમાર શંભુજી
મો. ૯૭૧૪૬૬૫૬૧૮


સાવન


પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮


જ્યોત હાર્દિકકુમાર શાહ






ગાંધીનગર શહેર ના સેક્ટર ૧ ૩/બી,શોપિંગ સેન્ટર ખાતે ના ચોક માં વેપારી એસોસિયેશન તથા વસાહત મંડળ ના સંયુક્ત ઉપક્રમે પરંપરાગત હોળી મહોત્સવ ની ભવ્ય ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હોલિકા દહનના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું.પાણીના અભિષેકથી હોળીની પ્રદક્ષિણા કરતા સૌએ મંગલ કામના કરી હતી. આ કાર્યક્રમના આયોજનમાં હોળીના લાકડા સહિતની ગોઠવણીની સેવા કરવામાં વેપારી અગ્રણી રાકેશ પ્રજાપતિ,જીગર શાહ,ગિરીશ પ્રજાપતિ,સાહિલ પ્રજાપતિ,રામભાઈ પ્રજાપતિ, ભરતભાઈ ભાટિયા,વિજય પ્રજાપતિ,સંજય પ્રજાપતિ વગેરે તથા વસાહત મંડળના પ્રમુખ સહિત અગ્રણીઓ તથા સ્થાનિક અગ્રણી વિનોદભાઈ ઉદેચા એ સુંદર સહકાર પૂરો પાડ્યો હતો.

## શ્રી જે.બી.પ્રાથમિક શાળામાં હોળી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી.પ્રાથમિક શાળામાં ધો.૧ અને ૩ના ૪૨૧ જેટલા વિદ્યાર્થીઓએ હોળી પર્વની ઉજવણીમાં ભાગ લીધો હતો. હોળી પર્વ નિમિત્તે ભક્ત પ્રહલાદની વાર્તા કહેવામાં આવી હતી અને હોળીના દિવસનું મહત્વ શું છે તે સમજાવ્યું. દરેક વિદ્યાર્થીઓએ હોળી પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ




લીધો હતો. આ પ્રસંગે શાળા પરિવારના તમામ સભ્યોને ધાણીનું વિતરણ કરાયું હતું. હોળી પર્વ નિમિત્તે શાળાના પ્રિન્સીપાલ અને શિક્ષિકાબહેનો દ્વારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ઈન્ડિયન લાયન્સ દ્વારા હોળી-ધુળેટીની ઉમંગથી ઉજવણી



ગાંધીનગર, તા.૮

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા હોળી ધુળેટી ઉત્સવ પંચદેવ મંદિરે ઉજવવામાં આવ્યો હતો. દીપ પ્રાગટય નેશનલ ચેરમેન અક્ષય ભાઈ ઠક્કર, નેશનલ સેક્રેટરી રાધે શ્યામ યાદવ, પ્રમુખ વિમલા બેન યાદવ, ઉપ પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ, મહેશભાઈ આસોડીયા, ડૉ ધૈવત શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. અતિથિઓનું શાબ્દિક સ્વાગત મહેંદ્ર ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉષાબેન ચૌહાણ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું ચીફ પેટર્ન હિતેશભાઈ પંડયા, આશાબેન પંડયા, મંગળ સિંહ સોલંકી, હરેશભાઈ રાવલ, ભાનુભાઈ મહારાજ, ઈન્દ્રવદન આચાર્ય રાજુભાઈ શ્રીમાળી લોક ગાયક, જયોતીબેન મેઘનાની, અસ્મિતાબેન અને અન્ય ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગરના પ્રાંગણમાં યુવક યુવતીઓ થયા સજાગ



ગાંધીનગર મહાધર્મપ્રાંતના યુથ કમીશન દ્વારા તારીખ ૩ માર્ચ થી ૫ માર્ચ સુધી આધ્યાત્મિક અને સર્વાંગી વિકાસ હેતુસર ત્રીદિવસીય તાલીમ યોજાઈ હતી. તેમાં કરીસ્માઈ ટીમ દ્વારા જીવનના અનેક પાંસાઓ વિષે યુવા પેઢીને સજાગ કરવામાં આવી હતી. તદ્પરાંત ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ પરમપૂજ્ય થોમાસ મેકવાન, યુથ ડાયરેક્ટર ફાધર ઝેવિયર જેમ્સ અને ૧૦૫ યુવક યુવતીઓ હાજર રહ્યા હતા. વેટિકન સિટી સ્ટેટના રાજદૂત લીઓપોલ્ડો જીરેલ્લી હાજર રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા અને ભારતના સંવિધાનને ધ્યાનમાં રાખી વિવિધતામાં એકતાનું મૂલ્ય ધ્યાનમાં લઈ સૃષ્ટિને સંભાળવા આહ્વાન કર્યું હતું અને યુવાનો સજાગ થયા હતા.

## સરગાસણ ચાર રસ્તા પાસે ટીપી-૯ વિસ્તારમાં હોલિકા દહન યોજાયું




ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં હોળીનું પવિત્ર પર્વ શ્રદ્ધાપૂર્વક ઉજવાયુ હતુ. શહેરના સરગાસણ ચાર રસ્તા પાસેના ટીપી-૯ વિસ્તારમાં ગુડા મેદાન ખાતે પરંપરાગત રીતે ભવ્ય સાર્વજનિક હોલિકા દહન મહોત્સવમાં આશરે ૩ હજારથી પણ વધારે દર્શનાર્થીઓએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ગાંધીનગર ના મેયર તેમજ સરગાસણ વસાહત મંડળના પ્રમુખ જેવા અગ્રણીઓએ પણ હાજરી આપી હતી.



ઈન્ફો કીડસ પ્રિસ્કુલ ખાતે હોળી પર્વની ઉજવણી કરાઈ હતી.



ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ગાંધીનગરમાં વિવિધ સ્થળે ઉપસ્થિત રહીને નગરજનો સાથે હોલિકા દહનના દર્શન કર્યા હતા તથા નકારાત્મકતાનું દહન થાય અને સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ તથા સ્વાસ્થ્ય માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી.

## બ્રહ્માકુમારી સેક્ટર ૩ ગાંધીનગર દ્વારા હોળીની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા.૭

જ્ઞાનના સાગર પરમપિતા શિવ પરમાત્માએ બતાવેલ હોળી નું આધ્યાત્મિક રહસ્ય એ છે કે હોળી અર્થાત જે થઈ ગયુ તે થઈ ગયુ તેનું વ્યર્થ ચિંતન ન કરવું જે બાબત આપણા નિયંત્રણમાં નથી જેના માટે આપણે કઈંક કરી શકીએ એમ નથી તેવી સર્વ બાબતની ચિંતા ભય પરમાત્માને સોંપી પ્રભુ અર્પણ કરી નિશ્ચિંત થઈ જવું. જો આપણામાં બુરાઈઓ અવગુણો છે તે દુર કરવા માટેનો દ્રઢ સંકલ્પ કરવો હોળીનો બીજો અર્થ થાય છે હળી અર્થાત પવિત્ર જ્યારે આપણે પવિત્ર બનીએ છીએ અને આપણાંમાં રહેલી કમી કમજોરીઓ દુર ભાવનાઓથી મુક્ત થઈએ છીએ આસુરી સંસ્કારોનું દહન કરીએ છીએ ત્યારેજ આપણી ઉપર ઈશ્વરીય સંગનો રંગ લાગે છે અને આપણું જીવન સુખમય બને છે.

## ગીફ્ટ સીટી ખાતે વુમન્સ ડે ઉજવાયો



ગાંધીનગર, તા.૭

હવે સ્ત્રી ઓ પણ કોઈ પણ કામ માં પાછળ નથી. હવે દરેક સ્તર પર છવાઈ ગઈ છે. વુમન્સ ડે ઉજવણી માટે ગીફ્ટ સીટીમાં આવેલ એનકોડ ઓફિસમાં આજની હીરોઈન થીમ પર ઉજવવામાં આવી હતી જેમાં બહેનો તે પ્રમાણે હીરોઈન ના લુક માં તૈયાર થઈ ને આવી હતી. નોકરીની સાથે આવા પ્રોગ્રામ તેમની કામ કરવાની ક્ષમતા વધારતી હોય છે હોળીનો તહેવાર હોવાથી બાદમાં બધી બહેનોએ ગુલાલથી ઉત્સાહભેર ઉજવણી કરી હતી.




જલારામ મહિલા મંડલ તરફ થી હોળી પર્વ નિમિત્તે તારાપુર ગામની પ્રાથમિક શાળા તથા ત્રણેય આંગણવાડીઓ અને સરગાસણ વિસ્તારના શ્રમિક પરિવારો તથા સે -૪ ના શ્રમજીવી વિસ્તારમા ખજૂર, ધાણી તથા ચણાના વિતરણનુ આયોજન કર્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ભીલ હજારીભાઈ કરશનજી ઉ.વ.૫૫, ગાંધીનગર
- સ્વ.પ્રજાપતિ હર્ષ મહેન્દ્રભાઈ ઉ.વ.૧૯, ગાંધીનગર
- સ્વ.શર્મા ગોપાલભાઈ ગુલાબચંદ ઉ.વ.૭૯, ગાંધીનગર
- સ્વ.પંચાલ જશીબેન રજનીકાંત ઉ.વ.૫૮, વજાપુરા
- સ્વ.અગનાણી તોલો રીજુમલ ઉ.વ.૮૭, ગાંધીનગર